૭, સપ્ટેમ્બર, ૨૦૨૨

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓએ વેપાર–ઉદ્યોગના વિવિધ પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ લાવવા માટે રાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી જગદીશભાઈ પંચાલજી ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૮ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગના પ્રશ્નોનું યોગ્ય અને સચોટ નિરાકરણ આવે તે માટે કેન્દ્ર અને રાજય સરકાર તથા વિવિધ વિભાગોમાં એક સેતુ બની કાર્ય કરી રહયું છે. રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગોના પ્રશ્નોને ત્વરીત ન્યાય મળે તે માટે તા.૬–૯–૨૦૨૨ ના રોજ ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલની ઉપસ્થિતીમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા, કારોબારી સભ્યશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી નરેશભાઈ શેઠ તથા વિવિધ ક્ષેત્રના ઉદ્યોગકારોએ રાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી જગદીશભાઈ પંચાલજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ રજુઆત કરવામાં આવી.

**(૧) "વન નેશન વન ટેક્ષ" ને ધ્યાનમાં રાખીને GST અમલીકરણ થયેલ હોય ગુજરાત રાજય માંથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવો.**

GST ૨૦૧૭ માં બધા ટેક્ષનો એકજ ટેક્ષ લાગુ કરી સરાહનીય પગલું ભરેલ પણ કયાંક ને કયાંક વન નેશન વન ટેક્ષ ને ધ્યાનમાં રાખીને પ્રોફેશનલ ટેક્ષ નાબુદ થઈ શકયો નથી. અને પ્રોફેશન ટેક્ષની ગુજરાત સરાકરને નોમીનલ આવક જ થતી હોય તેમજ તેની સામે મહાનગરપાલિકા અને નગરપાલિકાની મશીનરી તથા અધિકારીઓ ઉપર કામનું ભારણ ૧૦ ગણુ વધી જતું હોય. અને ઘણા સમયથી રાજકોટ ચેમ્બરની માંગણી હોય જેને તાત્કાલીક અસરથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવા જણાવેલ. તેના પ્રત્યુતરમાં ઉદ્યોગ મંત્રીશ્રીએ આ અંગે ટૂંક સમયમાં પ્રોફેશનલ ટેક્ષ દૂર કરવા ખાત્રી આપેલ.

**(૨) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા અંગે.**

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની માંગણી ઘણા સમયથી પેન્ડીંગ છે. પુર્વ મુખ્યમંત્રીશ્રીએ આ માંગણીનો સ્વીકાર કરેલ હોય તેમજ અંદાજે આશરે ૩૨ એકર જગ્યા નું સ્માર્ટ સીટી એરીયામાં પ્રોવીઝન કરેલ હોય આ અંગે તાત્કાલીક નિર્ણય લઈ સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગને વધું વેગવંતુ બનાવો એવી અમારી માંગણી સ્વીકારી રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવી સાથો સાથ રાજકોટ ચેમ્બરની પોતાની બિલ્ડંગ બનાવવા રાહતદરે જમીન ફાળવવા જણાવેલ. આ પ્રશ્ન અતી સેન્સીટીવ હોય તાત્કાલીક અશરથી ઘટતું કરવા અનુરોધ કરેલ. તેના પ્રત્યુતરમાં ઉદ્યોગ મંત્રીશ્રીએ આ અંગે ટૂંક સમયમાં યોગ્ય કરવા ખાત્રી આપેલ.

**(૩) રાજકોટ ખાતે ઈમિટેશન જવેલરી પાર્ક મંજુર કરવા અંગે.**

સમગ્ર ભારતમાં સૌથી વધારે ઈમિટેશનનું પ્રોડકશન રાજકોટમાં થાય છે. આ ઉદ્યોગ ગુહ ઉદ્યોગ હોય આશરે ૪.૫ લાખ લોકોને રોજગારી પુરી પાડે છે. જે પૈકી આશરે ૨.૫ લાખ મહિલાઓને રોજગારી મળે છે. તેથી રાજકોટ ખાતે ઈમિટેશન જવેલરી પાર્ક સ્થાપવાથી ઈમિટેશન ઉદ્યોગોને વેગ મળશે તેમજ લાખો લોકોને રોજગારી મળશે. જેના પ્રત્યુતરમાં ઉદ્યોગમંત્રીશ્રીએ રાજકોટમાં આવેલ સોખડા ગામ ખાતે ઈમિટેશન જવેલરી પાર્ક સ્થાપવા યોગ્ય કરેલ.

**(૪) ગુજરાતમાં ઉદ્યોગકારોને GIDC ની જમીન ૫૦% રાહત દરે આપવા તથા નવી GIDC ફાળવવા અંગે.**

ગુજરાતમાં ઘણી બધી MSME ઈન્ડસ્ટ્રીઝ સ્થપાયેલ હોય તેમજ MSME ની મર્યાદા આશરે ૫૦ કરોડ સુધી વધારેલ હોય તેને ધ્યાનમાં રાખીને GIDC માં ૩૦૦૦ ચો.મી.ને બદલે જો ૬૦૦૦ ચો.મી. જમીન ઉદ્યોગકારોને ૫૦%ના દરે આપવી. જેથી ઉદ્યોગોનો સારો એવો વિકાસ થશે અને એમ.એસ.એમ.ઈ સેકરટને બુસ્ટ મળશે.

તેમજ રાજકોટ ઔદ્યોગીક હબ હોવાને કારણે વેપાર–ઉદ્યોગને માટે મોટી GIDC બનાવવી ખુબ જરૂરી છે. તેથી દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ વધારવો જરૂરી છે. હાલ દેવગામ–ખીરસરાની સામે છાપરા ગામમાં ૧૦૦ હેકટર જેટલી ખરાબાની સરકારી જમીન આવેલ છે. તેમજ ૧૦૦ હેકટર ગૌચરની જમીન છે તેવું અમારા ધ્યાનંમા આવેલ છે. તેથી અગાઉ અમારી માંગણી ૩૪૧ હેકટર માંથી માત્ર ૯૧ હેકટરમાં જે GIDC બનતા ૨૫૦ હેકટર જેટલી જમીન ખાલી પડેલ છે. તો ઉપરોકત બન્ને ખરાબાની જમીન ફાળવી દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ આશરે ૫૦૦ હેકટર સુધી કરવા અનુરોધ છે. જેના પ્રત્યુતરમાં ઉદ્યોગમંત્રીશ્રીએ છાપરા ગામ ખાતે નવી GIDC સ્થાપવા યોગ્ય કરેલ.

**(૫) GIDC ને ભરવાપાત્ર થતા ડબલ ટેક્ષનું યોગ્ય નિરાકરણ લાવવા અંગે.**

ઘણાં વખતથી ગુજરાતની GIDCઓ ડબલ ટેક્ષ ભરવાથી પીડાય છે. તેમજ મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા સરકારની સુવિધાઓથી વંચિત રહી જાય છે. તેથી ઔદ્યોગીક એકમોને મહાનગરપાલિકા તથા GIDC ને ભરવાપાત્ર થતા ડબલ ટેક્ષનું યોગ્ય નિરાકરણ લાવી ઘટતું કરશોજી. જેથી ઉદ્યોગકારોને મળવાપાત્ર તમામ સુવિધા મળે અને ઉદ્યોગોનો વિકાસ થાય. જેના પ્રત્યુતરમાં ઉદ્યોગમંત્રીશ્રીએ અમદાવાદમાં હાલ જે સીસ્ટમ છે તે મુજબ ઉદ્યોગકારો GIDC ને જે ટેક્ષ ભરે છે. તેમાંથી ૭૫% રકમ એસોસીએશનને પરત આપશે. તે સીસ્ટમ રાજકોટમાં અમલીકરણ કરવામાં આવશે. જે નિર્ણય આવકારદાયક છે.

**(૬) GST સંકલન સમિતિની રચના કરવા અંગે.**

આદરણીય નાણામંત્રીશ્રીની અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજય GST સંકલન સમિતિની રચના કરવી. આ સમગ્ર ગુજરાતે GST કાયદાને આવકારેલ છે. પણ કાયદાના અમલીકરણમાં ઘણી નાના–મોટી વિસંગતતાઓ રહેલી છે જેનો ભોગ નાના વેપાર–ઉદ્યોગકારો બને છે. સાથેસાથ GST કાઉન્સીલની મિટીંગ દર ત્રણ મહિને મળતી હોય જેમા દરેક રાજયના નાણામંત્રીશ્રી સભ્ય તરીકે હાજર થતા હોય દરેક જીલ્લા વાઈસ અલગ અલગ પ્રોડકટ હોય તેમજ અલગ અલગ પ્રશ્નો હોય જેના નિરાકરણ માટે આ કમિટિ GST કાઉન્સીલની મિટીંગ પહેલા આશરે ૧૫ દિવસમાં બોલાવવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની લીડીંગ ચેમ્બર ઓફ કોમર્સને પ્રતિનિધિત્વ આપવામાં આવે તો આ સંકલની મિટીંગમાં ગુજરાત રાજયના નાના–મોટા પ્રશ્નોનું અહીથી જ નિરાકરણ લાવી શકાય. માત્ર નિતીવિષયક નિર્ણયો માટે જ નાણામંત્રીશ્રી GST કાઉન્સીલમાં રજુઆત કરે જેથી GST ના તમામ પ્રશ્નોનું સુખદ સમાધાન આવી શકે. તો તાત્કાલીક અસરથી GST સંકલન સમિતિની રચના કરવા અંગે ઉદ્યોગમંત્રીશ્રીએ જણાવેલ કે આગામી ટૂંક સમયમાં નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તેમજ ખાતાના વિવિધ અધિકારીઓ સાથે મિટીંગ યોજી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ સિવાય રાજકોટ ચેમ્બરની અન્ય ૭ – ૮ મુદાની માંગણીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ આ તમામ રજુઆતો અંગે માનનીય ઉદ્યોગમંત્રીશ્રી જગદીશભાઈ પંચાલજીએ સકારાત્મક અભિગમ દર્શાવી મહતમ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લીધેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.